# જૈન ધર્મમાં સામયિક એટલે સમભાવની પ્રાર્થના ઇસ્લામમાં નમાઝ એટલે સમભાવની પ્રાર્થના

## મહાવીર અને મહંમદ

- ડો. મહેબૂબ દેસાઈ

**મઝહબ હમેં સિખાતા આપસ મેં પ્યાર કરના**

મહાવીર જયંતિ નિમિત્તે મનમાં એક વિચાર ઉપજ્યો છે. ભગવાન મહાવીર અને હજરત મહંમદ પયગંબરના વિચારો અને ઉપદેશોનો તુલનાત્મક અભ્યાસ કરવાની જરૂર છે. કોઇ પ્રોફેસર પોતાના પીએચ.ડી.ના વિદ્યાર્થીને આ વિષય પર સંશોધન કરાવે તો બંને મહાનુભાવો અને તેમનાં ધર્મનાં નૈતિક મૂલ્યોમાં પ્રવર્તતી સમાનતા અને સિદ્ધાંતોની સામ્યતા બહાર આવશે.

ભગવાન મહાવીર સ્વામી છેલ્લા તીર્થંકર હતા. મહંમદસાહેબ પણ છેલ્લા પયગંબર હતા. મહાવીર સ્વામીનો વૈરાગ્ય અને ત્યાગ અદ્વિતીય છે. મહંમદ સાહેબનું સમગ્ર જીવન ત્યાગ અને બલિદાનની મિસાલ છે. દયા, કરૂણા અને સમભાવ બંને મહાનુભાવોની વિશિષ્ટતા હતા. બંને મહાનુભાવોએ તપ કે ઇબાદતને પ્રાધાન્ય આપ્યું છે. મહંમદ સાહેબે ફિરકા પરસ્તી (જ્ઞાતિવાદ)ને ક્યારેક પ્રાધાન્ય કે મહત્ત્વ આપ્યું નથી. ભગવાન મહાવીરે પણ જૈન ધર્મમાં જ્ઞાતિવાદને પ્રસરવા નથી દીધો.

ભગવાન મહાવીર અહિંસાના પૂજારી હતા. અહિંસા તેમના જીવનમાં સૂક્ષ્મ રીતે વણાયેલી હતી. જીવમાત્રને દુ:ખ આપવાની ક્રિયાને તેઓ હિંસા માનતા. મહંમદ સાહેબના જીવનમાંથી નીતરતી અહિંસા વાસ્તવદર્શી હતી. પક્ષીના માળામાંથી ઇંડા કે બચ્ચાઓને ભેટમાં લઇ આવનાર સહાબીને મહંમદસાહેબ ક્યારેક પસંદ ન કરતા. પડોશમાં રહેતા પડોશીને અપશબ્દ બોલી નારાજ કરનાર નમાઝીની નમાઝ કબૂલ નહીં થાય, તેમ કહેનાર મહંમદ સાહેબની અહિંસા મહાવીરની અહિંસા કરતાં કંઇ જુદી નથી લાગતી.

ભગવાન મહાવીરે તપ દ્વારા દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ કરી. મહંમદ સાહેબ ગારેહિરા (હીરા નામના પહાડની એક બખોલ)માં નિયમિત જતા, ખુદાની ઇબાદત કરતા. ખુદાની ઇબાદતને જૈન ધર્મમાં તપનો દરવાજો આપવામાં આવ્યો છે. ૪૦ વર્ષ મહંમદ સાહેબને તેમના તપનું - ઇબાદતનું ફળ મળ્યું, અને તેમના પર ખુદાનો પૈગામ ઊતર્યો. ઇસ્લામ અને જૈન ધર્મનાં સિદ્ધાંતો અને કથાઓમાં પણ સામ્યતા ઊડીને આંખે વળગે છે.

ઇસ્લામનાં 'ફના' થવાનો વિચાર 'નિર્વાણ'ના વિચારને મળતો આવે છે. જૈનોના ઉત્તરાધ્યયન સૂત્રની એક ગાથા છે : 'અપ્પા એવ જૂજજઇ... અર્થાત્ 'અરે ભાઇ, જો તારે લડવું જ હોય તો તારી જાત સાથે લડ અને તારી જાત ઉપર જ વિજય મેળવ.' રણ સંગ્રામોમાં હજારો વિજય મેળવવા કરતાં પોતાની જાત ઉપર વિજય મેળવવો દુષ્કર છે. ઇસ્લામમાં 'જેહાદ'નો જે સાચો અર્થ છે તે આ જ છે. 'તારા દુર્ગુણો સામે લડ, તેમાંથી મુક્ત થા, એ જ સાચી જેહાદ છે.'

આધ્યાત્મિક વિચારોની આવી સામ્યતા જૈન અને ઇસ્લામની સામ્યતાની પરંપરાને ઇબાદત (ભક્તિ)ની સામગ્રી સુધી લઇ જાય છે. ઇસ્લામમાં જે સ્થાન મુસલ્લાનું છે તે સ્થાન જૈન ધર્મમાં આસનનું છે. મુસલ્લા શબ્દનો અર્થ થાય છે, નમાજ પઢતી વખતે પાથરવાનું કરડું, જૈનો આસન પર સ્થાન ગ્રહણ કરી પ્રાર્થના કરે છે. કુરાને શરીર જેના પર મૂકી અધ્યયન કરવામાં આવે છે, તે ઇસ્લામમાં 'રિહાલ' કહે છે. અરબી ભાષામાં શબ્દ 'રિહાલ'નો અર્થ થાય છે પ્રસ્થાન કરવું. કુરાને શરીફ તેના પર મુકી કુરાને શરીફમાં પ્રવેશવું કે પ્રસ્થાન કરવું. જૈન ધર્મમાં એ જ વસ્તુને 'ઠવણી' કે 'ઠમણી' કહે છે. છવણી એટલે વાંચતી વખતે પુસ્તક મુકવાની ઘોડી. એવી જ એક સામ્યતા છે તશ્બીહ કે માળા, ઇસ્લામી તશ્બીહમાં ૧૦૧ પારા - મણકા હોય છે, જયારે જૈન માળામાં એકસો આઠ મણકા હોય છે. માળાના ફૂમતાની નીચેનાં મણકાને જૈન ધર્મમાં 'મેર' કહે છે, જયારે ઇસ્લામમાં તેને ઇમામ કહે છે.

તશ્બીહ અને માળાનો મૂળભૂત ઉદ્દેશ એક જ છે. ઇશ્વર કે ખુદાની ઇબાદત - ભક્તિ. જૈન ધર્મમાં સામયિક એટલે સમભાવની પ્રાર્થના. ઇસ્લામમાં નમાઝ એટલે સમભાવની પ્રાર્થના. નમાજની એક પણ આયતમાં ભેદભાવનો ઉલ્લેખ નથી, માત્ર ને માત્ર ખુદાને સમર્પિત થવાની બાંયધરી છે. જૈન સાધુઓ અને હાજીઓનાં પોષાકની સામ્યતા પણ નોંધવા જેવી છે. બંનેમાં સફેદ સાડાં કપડાં અનિવાર્ય છે. બંનેમાં સીવ્યા વગરનાં બે સફેદ કપડાંની જ શરીર ઢાંકવામાં આવે છે. ઇસ્લામમાં તેને (અહેરામ) કહે છે. જૈન ધર્મમાં ઉપરનાં સફેદ વસ્ત્રને પછેડી અને નીચેનાં સફેદ વસ્ત્રને ચોલપટ્ટો કહે છે.

ટૂંકમાં જૈન અને ઇસ્લામના પ્રવર્તકો, સિદ્ધાંતો અને ઇબાદતની સામગ્રીની સામ્યતાનો ઊંડો અભ્યાસ અનિવાર્ય છે. ધર્મ એટલે મૂલ્યોનું જતન. એવા પાયાના ધાર્મિક વિચારોના પ્રસારમાં આવા તુલનાત્મક અભ્યાસો સમાજમાં મહોબ્બત અને એકલાસને સાકાર કરવામાં પાયાનું પરિબળ બની રહે છે.

# દાદાસાહેબ દિવસમાં માંડ ત્રણ - ચાર કલાકની ઊંઘ લેતા, બાકીનો સમય તેઓ કામમાં જ વ્યસ્ત રહેતા હતા, કદાચ આમ કરીને તેઓ પોતાના દુ:ખોને ભૂલવાનો પ્રયાસ કરતા હતા

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

સપના જોવાનો હક્ક દરેક વ્યક્તિને છે, પરંતુ એ સપનાને સાકાર કરવાની હામ બહુ ઓછા લોકો પાસે હોય છે. ભારતીય ફિલ્મ જગતના પિતામહ ગણાતા દાદાસાહેબ ફાળકે આવી જ એક વિરલ વ્યક્તિ હતા. તેમનું મૂળ નામ ધુંડીરાજ ગોવિંદ ફાળખે હતુ. તેમણે ભારતમાં ફિલ્મો બનાવવાનું સપનું જોયું અને આ સપનાને સાકાર કરતાં તેમણે પોતાની કારકિર્દી દરમિયાન ૧૩૦ ફિલ્મો બનાવી. દાદાસાહેબે ૧૯૧૨નાં વર્ષમાં સૌ પ્રથમ ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર બનાવી ત્યારે ઘણાં લોકો તેમના આ સાહસને મૂર્ખામીમાં ખપાવતા હતા. તે સમયનાં ભારતમાં નાટ્ય મંડળીઓની બોલબાલા હતી. ભારતમાં ફિલ્મ બની શકે ન હતું. આમ છતાં તમામ પ્રકારના અવરોધોને પાર કરીને દાદાસાહેબે ફિલ્મ બનાવવાનું સાહસ કર્યું. આ ફિલ્મને દર્શકોએ ખૂબ માણી અને વખાણી. ત્યારબાદ બાદ દાદાસાહેબનો ઉત્સાહ વધ્યો અને ભારતીય ફિલ્મ જગતના મજબૂત પાયા નંખાયા.

૨૦મી સદીની શરૂઆતમાં આજના સમય જેવી અદ્યતન ટેકનોલોજી ન હતી. આ ઉપરાંત બ્રિટિશ રાજમાં શાસકોને ફિલ્મોનું નિર્માણ ગમતું ન હતું. વિશ્વયુદ્ધના કારણે વાતાવરણ ડહોળાયેલું હતું અને દાદાસાહેબની પોતાની આર્થિક સ્થિતિ પણ પૂરૂં કરવા માટે કાળી મજૂરી કરી. હાલમાં સમયમાં પણ કોઇ નિર્માતા કે દિગ્દર્શક માટે ૧૦૦ ફિલ્મો બનાવવાનું અઘરૂં છે, જયારે પાછલી સદીમાં દાદાસાહેબે ૧૩૦ ફિલ્મો બનાવી હતી. ફિલ્મો માટેની તેમની મમત એટલી બધી હતી કે તેઓ દિવસમાં માંડ ત્રણચાર કલાક જ ઊંઘત અને ઘણી વાર તો જમવાનું પણ ભૂલી જતા. ભારતીય ફિલ્મ ઉદ્યોગની ભવ્ય ઇમારતના નિર્માણ માટે દાદાસાહેબે વેઠેલા માનસિક, આર્થિક અને સામાજિક સંઘર્ષોથી રૂબરૂ કરાવતું પુસતક તેમના મોટાભાઇની પ્રપૌત્રી શરાયુ ફાળકે સુમ્મનવરે આલેખ્યું છે. શરાયું પોતે ફિલ્મો સાથે કે લેખન તરીકે કોઇ પણ રીતે સંકળાયેલા નથી. તેમણે આખું જીવન અને કવનને સમજવા માટે કર્યો. પોતાના પરિવારનાં અનેક સભ્યો વડીલો તે સમયના અખબારો, સરકારી દસ્તાવેજો દાદાસાહેબ વિશેની પ્રચલિત વાયકાઓ વગેરેને સમજ્યા બાદ તેમણે "ધી સાઇલેન્ટ ફિલ્મ દાદાસાહેબ ફાળખે ૧૮૭૦-૧૯૪૪" પુસ્તક તૈયાર થયું છે. જેને શતાબ્દી વર્ષની ઉજવણી દરમિયાન ભારતમાં અનેક ઠેકાણે ભજવવામાં આવે છે. ગત ૩૦ મી એપ્રિલે સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં આ નાટક ભજવાયું હતું.

> **દાદા સાહેબને પુસ્તકો, ફર્નિચર, વસાવવાનો શોખ હતો, તેમણે તે સમયના જાણીતા ચિત્રકારો ધૂરંધર - રાજા વર્મા, બાબુરાવ પેઇન્ટર વગેરેના ચિત્રો ખરીધા હતા**

આ પુસ્તકમાં શરાયુએ લખ્યું છે કે, દાદાસાહેબે પોતાના જીવનકાળ દરમિયાન સફળતા - નિષ્ફળતા, અમીર-ગરીબી, મતલબી મિત્રો જેવા અનેક સંજોગોનો સામનો કર્યો હતો. તેઓ ખૂબ ઉગ્ર સ્વભાવના હતા, તેમનું એક માત્ર ધ્યેય ફિલ્મો બનાવવાનું હતું. તેઓ સારા કલાકાર હતા, સફળતા મેળવવાનો માર્ગ તેઓ જાણતા હતા, પરંતુ વેપાર ધંધાની આંટીઘૂંટી આવડતી હતી. દાદા સાહેબની મહાનતાનું વર્ણન કરતાં અનેક અહેવાલો આપણે જોયા હશે, પરંતુ તેઓ પોતાની જાત વિસે શું માનતા હતા? આ પ્રશ્નનો જવાબ શરાયુએ એક અવિસ્મરણીય પ્રસંગ દ્વારા આપ્યો છે.

૧૯૩૯માં મુંબઇ ખાતે ભારતીય ફિલ્મ ઉદ્યોગની સિલ્વર જ્યુબિલીની ઉજવણી ચાલી રહી હતી. પૃથ્વીરાજ કપૂર તે સમયે સ્ટેજ પર હતા. તેઓ સ્ટેજ પરથી નીચે ઉતર્યા, દાદાસાહેબના ચરણસ્પર્શ કર્યા અને તેમને ડાયસ સુધી દોરી ગયા. દરેક ઉપસ્થિત વ્યક્તિએ તાળીઓનાં ગડગડાટને કંઇક બોલવા માટે વિનંતી કરી. બાદમાં પૃથ્વીરાજે દાદાસાહેબને કંઇક બોલવા માટે વિનંતી કરી. જો કે સ્વભાવે લાગણીશીલ એવા દાદાસાહેબને ડૂમો ભરાઇ ગયો અને તેઓ કંઇ બોલી શક્યા નહીં. તેમનાં બદલે ગજાનન જાગીરદાર નામનાં કલાકારે તેમનું સંબોધન વાંચી સંભળાવ્યું. "હું સર્વશક્તિમાન ઇશ્વરને પ્રાર્થના કરૂં છું કે તે મારા જેવા ગાંડા માણસને ભારતમાં ફરી ક્યારેય જન્મ ન આપે. મારો એક માત્ર પ્રેમ કલા છે અને તેના માટેનાં અસિમિત પ્રેમના કારણએ મેં મારી દરેક વસ્તુનું બલિદાન આપ્યું છે. ઇશ્વરે આવી શુદ્ધ લાગણી અને સરળ હૃદય ધરાવનાર વ્યક્તિ હિન્દુસ્તાનમાં ક્યારેય બનાવવી જોઇએ નહીં... હાલ તો નહીં જ!" ફિલ્મ જગતમાં દરેક માણસ સ્વાર્થનો સગો છે તેવું અનેક કલાકારો કહેતા આવ્યા છે. આવું કહેતી વખતે કદાચ તેમને વર્ષો પહેલાં દાદા સાહેબ ફાળકે એ અનુભવેલી વ્યથા સાંભળી આવતી હશે.

શરાયુ લખે છે કે ભારતીય ફિલ્મ જગતના પ્રથમ ૧૦ વર્ષ દરમિયાન કોઇ પણ કલાકાર, લેખક કે નિર્માતા એવા ન હતા જેમણે દાદાસાહેબ પાસેથી તાલીમ ન લીધી હોય. એક સ્થાનિક થિયેટરમાં ધી લાઇફ ઓફ જિસસ ક્રાઇસ્ટ ફિલ્મ જોયા પછી તેમને ફિલ્મ બનાવવાની પ્રેરણા મળી. રૂા. ૨૫,૦૦૦ના બજેટ અને ૪૦ વ્યક્તિનાં સ્ટાફ સાથે તેમણે સૌ પ્રથમ મૂંગી ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર બનાવી હતી. ઉત્કૃષ્ટ ફિલ્મો બનાવવાની સાથે તેને લોકપ્રિય બનાવવાની કળામાં પણ તેઓ નિપુણ હતા. તે સમયે લોકો ત્રણ આનામાં ત્રણ-ચાર કલાકનું નાટક જોતા હતા, તેથી આટલી કિંમત ખર્ચીને ૧.૫ કલાકની ફિલ્મ જોવાનો વિચાર સામાન્ય જનમાનસ માટે પચાવવાનું અઘરૂં હતું. લોકોને આકર્ષિત કરવા માટે દાદાસાહેબે ફિલ્મના પ્રચાર માટે કહેવા માંડ્યું કે તેમાં ચિત્રોનું બે માઇલ લાંબુ કલેક્શન છે. તેમની આ તરકીબ કામ કરી ગઇ અને ફિલ્મના શો જોવા માટે લોકો ઉમટી પડ્યા.

દાદાસાહેબ બહુમુખી પ્રતિભાના સ્વામી હતા. પરંતુ તેમનું અંગત જીવન દુ:ખોથી ભરેલું હતું. પોતાના નાના ભાઇ રઘુનાથનું યુવા વયે થયેલું અવસાન અને ત્રણ સંતાનોનાં જન્મ બાદ પ્રથમ પત્ની કમલાનું અવસાન અને દીકરા મહાદેવનું અવસાન તેઓ ક્યારેય ભૂલી શક્યા ન હતા. અંગત જીવનની તકલીફો છતાં તેઓ સફળતાના માર્ગ પર આગળ વધતા રહ્યા હોય તો તેનું શ્રેય તેમનાં બીજા પત્ની સરસ્વતીને યુનિટ માટે રસોઇ બનાવતા, સ્ટુડિયોની સફાઇ અને વ્યવસ્થા સંભાળતા, સરસ્વતીને દાદાસાહેબની શક્તિમાં અપાર વિશ્વાસ હતો અને તેઓ દરેક પ્રસંગે તેમની સાથે ઊભા રહેતાં. શરાયુના મતે દાદાસાહેબ સરસ્વતી પ્રત્યે થોડાં વધારે કડક હતા, પરંતુ સરસ્વતી ક્યારેય તેમના શબ્દો ઉથાપતા નહીં દાદાસાહેબના જીવનમાં સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ સરસ્વતી હતા.

દાદાસાહેબ દિવસમાં માંડ ત્રણ - ચાર કલાકની ઊંઘ લેતા. બાકીનો સમય તેઓ કામમાં જ વ્યસ્ત રહેતા હતા. કદાચ આમ કરીને તેઓ પોતાના દુ:ખોને ભૂલવાનો પ્રયાસ કરતા હતા. દાદા સાહેબને પુસ્તકો, ફર્નિચર, વસાવવાનો શોખ હતો. તેમણે તે સમયના જાણીતા ચિત્રકારો ધૂરંધર - રાજા વર્મા, બાબુરાવ પેઇન્ટર વગેરેના ચિત્રો ખરીધા હતા. તે સમયે નાસિકનાં માત્ર તેમની એકલાની પાસે કાર હતી. ફિલ્મોમાં નુકશાન જવાથી તેમણે પોતાની કાર વેચવી પડી હતી. પરંતુ ફિલ્મો બનાવવાનું છોડ્યું ન હતું. ફાળકેનાં જીવનમાં સમૃદ્ધિની અવર-જવર ચાલુ રહી હતી. શરાયુનું માનવું છે કે અપાર સર્જનશીલતા અને વેપારી કુનેહના અભાવના કારણે તેમની આ સ્થિતિ સર્જાઇ હતી.

# રેઈકી એક વૈકલ્પિક સારવાર પદ્ધતિ ઉપરાંત માનવ શરીરના સાત ચક્રો અને એને સંલગ્ન ગ્રંથિઓને કાર્યાન્વિત કરવાની પદ્ધતિ છે, વૈશ્વિક ઉર્જા દ્વારા વ્યક્તિમાં રૂપાંતરની પ્રક્રિયા આપોઆપ થાય છે એને માટે કોઈ પ્રયત્ન નથી કરવો પડતો


## દિવ્યશક્તિ રેઈકી

- પ્રહલાદ ધોળકીયા

જયારે વ્યક્તિમાં આધ્યાત્મિક પથ પર ચાલવાની યોગ્યતા ઉત્કીર્ણ થાય છે ત્યારે, આપોઆપ તે વ્યક્તિની ભીતરની ચેતના વૈશ્વિક ચેતના સાથે જોડાઇ જવા આતુર બને છે. દરેક વ્યક્તિમાં આ પથ પર ચાલવાની યોગ્યતા તો હોય છે, પરંતુ એનો યોગ્ય સમય તો કોઇ ગૂઢ શક્તિ જ નક્કી કરે છે. સમગ્ર વિશ્વમાં રહેલી ઉર્જા, જીવન શક્તિ એટલે જ રેઇકી (Universal Life Force Energy)

રેઇકી જાપાનીઝ શબ્દ છે. રે - એટલે 'સર્વવ્યાપી' અને કી - એટલે 'જીવનશક્તિ.' આપણે જન્મથી મૃત્યુ સુધી આ જ જીવનશક્તિને કારણે શક્તિ મેળવતા રહીએ છીએ.

રેઇકીના શક્તિપાતની પ્રક્રિયા દરમિયાન મને જે અનુભૂતિ થઇ, એ મુજબ કહી શકું કે, આપણામાં રહેલી



તમામ પ્રકારની નકારાત્મકતાઓ દૂર તો થાય જ છે, પણ એના માટે આપણને કોઇ પ્રયત્ન કરવો પડતો નથી! આપણી ભીંતર રૂપાંતરની પ્રક્રિયા આપોઆપ થાય છે. સમગ્ર વિશ્વમાં રહેલી પોઝીટીવ ઉર્જા જેવી આપણામાં દાખલ થાય છે, ત્યારે આપણને મળે છે એક નવી જ વ્યક્તિની ઓળખ! એ નવી વ્યક્તિ એટલે બીજું કોઇ જ નહીં, પરંતુ આપણએ પોતે જ!!

રેઇકીની પ્રથમ, દ્વિતીય અને ત્રીજી ડિગ્રીની શક્તિપાતની પ્રક્રિયા બાદ આપણે પોતાની જાતને વિશ્વ અત્યારે માનવી સુપરમેન બનવા જઇ રહ્યો છે. તે આવી વૈશ્વિક ચેનતાઓના કારણે શક્ય બનશે. હિન્દુ સંસ્કૃતિના અતિ પ્રાચીન વારસા સમુ સાહિત્ય અને વિદ્યાઓ હાલનાં સમયમાં લોકો સમક્ષ આવતી રહે છે. આ વિદ્યાઓને કારણે એક સમય એવો આવશે કે જયારે માનવીના મનનો કબજો વિશ્વચેતના પાસે હશે!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એક કૉલેજીયન યુવક અને જૈનાચાર્ય વચ્ચે થયેલી નિખાલસ પ્રશ્નોત્તારી રૂપે આલેખાયેલું જૈન દીક્ષાનું સ્વરૂપ


## શબ્દ સૌરભ

- નટવર હેડાઉ

આ સમગ્ર સંસારમાં જન્મવું, જીવવ જીવવું અને મૃત્યુ પામવું એ તમામ ચેતનવંતા પ્રાણીઓ માટેની એક સરખી નિયતિ છે. વિજ્ઞાનની શોધો ગમે તેટલી થાય, મૃત્યુને અટકાવવાની તાકાત ક્યારેય કોઇનેય નથી મળવાની એ વાત નિશ્ચિત છે. મૃત્યુ પછીના જન્મ અંગે મતભેદ ભલે હોય મૃત્યુના વિષયમાં કોઇનું કાંઇ ચાલતું નથી, માટે જ જીવન કેવી રીતે જીવવું તે માટે સૌ બુદ્ધિશાળી વ્યક્તિઓ એ વિચારવું જોઇએ.

દુનિયાના કોઇ પણ દેશમાં જન્મેલા, ગમે તે રંગ ધરાવતાં માણસો હોય કે જગતનાં અસ્તિત્વ ધરાવતી પ્રાણી કે વનસ્પતિ સૃષ્ટિની કોઇ પણ જાત હોય હર કોઇ ચેતનવંતા જીવની ચોવીસ કલાકની તમામ પ્રવૃત્તિઓનું લક્ષ્ય એક શબ્દમાં વર્ણવવું હોય તો કહી શકાય કે એ લક્ષ્ય છે : સુખ.

'સુખ' કોને ક્યાં લાગે, 'સુખ' કેવી રીતે મળે? એ બધા વિષયોમાં સૌ પોતપોતાની રીતે વિચારતા હોય એ બની શકે, પણ સુખના લક્ષ્ય બાબતે કોઇ મતભેદ નથી જ. એ સાચું કે દુનિયાનો મોટો ભાગ એમ માને છે કે જેમ જેમ પોતાનો ભૌતિક ચીજો વધારે મળે તેમ તેમ સુખ વધારે. આની સામે દુનિયામાં થોડાક બોલો એવા પણ છે જે માત્ર જાતનો વિચાર કરવાને બદલે બીજાને પણ ભૌતિક ચીજો મળવી જોઇએ એમ માને છે.



આની સામે, સાવ જ થોડાક લોકો એવા પણ હોય છે, જે લોકો કદાચ શ્રીમંત પરિવારમાં જન્મ્યા હોય છે. બુદ્ધિની બાબતમાં ભલભલાને પાછા પાડી દે એવા હોય છે, દુનિયાનું શિક્ષણ પણ ઊંચુ મેળવ્યુ હોય છે ને આમ છતાં તેઓ આ બધું છોડીને ભરયૌવનવયે પણ સંન્યાસ - દીક્ષા લઇ લે છે. આપણને કદાચ એમ થાય કે તેઓ આવું શા માટે કરતા હશે? આટલું શિક્ષણ વધ્યું તો'ય આવી અંધશ્રધ્ધાઓ કેમ કામ કરતી હશે? જે પરલોક દેખાતો જ નથી તેને સુધારવાની ઘેલછામાં મૃગજળ પાછલ દોડતા હરણા જેવી આ દોટ છે. મળેલું છોડે છે અને નહીં મળેલા સાવ જ અનિશ્ચિત કે કદાચ કાલ્પનિક પરલોકના સુખની ઇચ્છા રાખે છે. પરલોક અને પાપનો ડર બતાવી - બતાવીને આ સાધુઓ જગતને પુરૂષાર્થહીન બનાવી રહ્યા છે. આવું પણ આપણા મનમાં આવી જાય.

આ સંયોગોમાં એક બુદ્ધિશાળી એ વિચારક વ્યક્તિ તરીકે આપણી ફરજ એ બને કે છે કે જે લોકો આવું કરે છે તેમને મળીને એમનો દૃષ્ટિકોણ આપણે સમજવો જોઇએ. આપણી વાતો તેમને સમજાવવી જોઇએ. અને સત્ય સુધી પહોંચવું જોઇએ.

આવા જ એક પ્રયત્નરૂપે, મુંબઇની એચ.આર. કોલેજમાં ભણીને બી.કોમ.થનારા વર્ષની ઉંમરે સી.એ. બનીને પ્રેક્ટીસ ચાલુ કરી દેનારા, ૨૩ વર્ષની ઉંમરે વિ.સ.૨૦૪૪ અને ૧૯૮૮માં જેમણે દીક્ષા સ્વીકારી લીધી છે તેવા અને હાલ ૨૦ શિષ્યોના ગુરૂ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયયોગ તિલકસૂરિજી સાથે નિખાલસ ચર્ચાઓ અવાર-નવાર થઇ જેના પરિણામ સ્વરૂપ કેટલાંક તથ્યો સામે આવ્યાં જે પ્રશ્નોત્તરી શૈલીમાં સરળ, રસપ્રદ અને જીવન ઉપયોગી ચર્ચા તરીકે આલેખીને જૈનશાસનની દીક્ષા પુસ્તિકા આપણને મળે છે.

આ પુસ્તિકામાંથી પસાર થતાં જોઇ શકાય છે કે તેમાં નવ જુદા જુદા પ્રશ્નો અંગે આચાર્યશ્રી સાથે ચર્ચા કરી તેમાંથી નવનીત તારવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના પ્રકરણોમાં શિર્ષકો ઉપરથી તેનું મહત્ત્વ અને વિષય એને જાણકારી મળી રહે છે, તે જોઇએ તો ૧, ચર્ચાનો પ્રથમ દોર : સુખ ક્યાં છે? ૨, સાધું સમાજ પર ભારરૂપ છે. ૩, આત્મા છે? ૪, સાધુ જીવનમાં કષ્ટ છે? ૫, સાચો ઉપકાર. ૬, સાધુ જીવન અને આડંબર. ૭, બાળદીક્ષા અપાય? ૮, સાધુ જીવન અને પર્યાવરણ - પ્રદૂષણ. ૯, ચર્ચાનો ઉપસંહાર.

એક કોલેજીયન યુવક અને જૈનાચાર્ય વચ્ચે થયેલી નિખાલસ પ્રશ્નોત્તરી રૂપે આલેખાયેલું જૈનદીક્ષાનું સ્વરૂપ વર્ણવતું આ પુસ્તક માત્ર - ૨૪ પાનાનું છે. પણ તેમાં જે જાણળા મળેલ છે તે અઢળક છે, પુસ્તકનું ધ્રુવબિંદુ, પાયાનો સિદ્ધાંત જે ગણો તે એક જ છે. સાચું સુખ ક્યાં એ બરાબર સમજવું. આ સિદ્ધાંતને અહીં ખુબીથી સમજાવવામાં આવ્યો છે. જૈન દીક્ષા કઇ રીતે સુખનો સાચો માર્ગ છે તે અહીં ખુબ ટૂંકાણમાં અને ચોટદાર રીતે સમજાવવાનો સુંદર પ્રયાસ થયો છે. જેથી તેનું મહત્વ ખુબ વધી જાય છે. માત્ર જૈનો જ નહીં, પરંતુ વિશ્વનાં કોઇ પણ ધર્મના અને કોઇ પણ સ્તરનાં વ્યક્તિ માટે આ પુસ્તક ચોક્કસ ઉપયોગી બની શકે એવી શૈલીમાં એ લખાયું છે.

થોડાક વરસની આ જિંદગીને કેવી રીતે વિતાવવા તેવો દુનિયાથી તદ્દન ભિન્ન આઇડિયા કોઇક બુદ્ધિમાન વ્યક્તિ બનાવતી હોય તો કમસે કમ એક વાર તેને જાણવો તો જોઇએ જ.

તો ક્યાં સુધી એમ જ બેસી રહેશો. જલ્દી કરો. આ પુસ્તક મંગાવી વાંચો અને વિચારો. મને તો લાગે છે કે આવું સુંદર પુસ્તક પ્રગટ કરનાર પ્રકાશકો ધન્યવાદને પાત્ર છે. તેથી 'સંયમ સુવાસ'ના દિનેશ શાહને અભિનંદન પાઠવું છું.

**જૈન શાસનની દીક્ષા**
**લેખક : સમાધાનદાતા - શ્રીમત્ વિજયોગતિલકસૂરીશ્વરજી**
**પ્રકાશક : 'સંયમ સુવાસ', દિનેશ સોહનલાલ શાહ**
**૨૦૨/બી, સુચિતા એન્કલેવ, બીજે માળ, મહારાષ્ટ્ર લેન**
**એલ.ટી.રોડ, બોરીવલી (વે) મુંબઇ - ૪૦૦૦૯૨**
**પ્રથમ આવૃત્તિ : વિ.સ.૨૦૬૮**
**કિંમત : (દર્શાવેલ નથી)**

# અક્ષય તૃતીયાનું આ વ્રત ધાર્મિક પર્વોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે, આ વ્રતના આચરણથી શ્રધ્ધાળુઓને આયુષ્ય, વિદ્યા, યશ અને બળનો લાભ થાય છે, આ દિવસે કરેલું દાન-પુણ્ય અક્ષય રહે છે, આ દિવસે જવ, ચણા અને ઘઉંના ધાન્યનું વિશેષ મહત્ત્વ છે

## આજે અક્ષયતૃતીયા

- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

ભારતીય સમાજ ઉત્સવપ્રિય સમાજ છે એવું મહાકવિ કાલિદાસનું વિધાન યથાર્થ છે. આપણી સંસ્કૃતિ ઉત્સવોને રંગે રંગાયેલી સંસ્કૃતિ છે. કોઇને કોઇ સ્વરૂપે આખું વર્ષ ઉત્સવો ચાલતા રહેતા હોય છે. ઉત્સવો લોકજીવનને ધબકતું રાખે છે. એટલું જ નહિ તે સમાજને પ્રાચીન પરંપરા સાથે જોડી નવું જીવન જીવવાની પ્રેરણા આપે છે.

અક્ષય તૃતીયા એટલે અખાત્રીનો ઉત્સવ. આ ઉત્સવ ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ વિશેષ મૂલ્યવાન છે.

(૧) આ દિવસે સત્યુગનો પ્રારંભ થયો હતો એવું માનવામાં આવે છે.

(૨) આ દિવસે ભૃગુવંશમાં જમદગ્નિનાં મહાતપસ્વી પુત્ર ભગવાન પરશુરામનો જન્મ થયો હતો.

(૩) આ દિવસે ભગવાન વિષ્ણુના અંશાવતાર હયગ્રીવનો અતવાર થયો હતો.

(૪) આ દિવસે ઉત્તરાખંડ રાજયમાં યાત્રીઓ માટે સુપ્રસિદ્ધ તીર્થ બદ્રીનાથનાં દ્વાર ખોલવામાં આવે છે. મહાભારતમાં તેમજ ભાગવતમાં આ દિવસનો મહિમા વર્ણવવામાં આવ્યો છે.

યુધિષ્ઠિરે જયારે પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અક્ષય તૃતીયાના મહિમા વિશે નીચે પ્રમાણે કથા સંભળાવી -

પ્રાચીન સમયમાં એક ગામમાં એક નિર્ધન વણિક રહેતો હતો. તે સત્ય બોલનારો, દેવ અને બ્રહ્મપૂજક હતો. વિશાળ કુટુંબને કારણે તેના ભરણપોષણની તેને સતત ચિંતા રહેતી. એક દિવસે તેણે અક્ષય તૃતીયાના વ્રતનો મહિમા સાંભળ્યો. મહિમા સાંભળીને તેણે પણ વ્રતનો પ્રારંભ કર્યો. શક્તિ પ્રમાણે તેણે બ્રાહ્મણો તેમજ નિર્ધનોને દાન કર્યું. કહેવાય છે કે વ્રતના પ્રભાવથી તે વણિકનો કચ્છવાહરાજયવંશમાં જન્મ થયો. ત્યારથી અકાત્રીજના વ્રતની પરંપરા શરૂ થઇ.

અક્ષય તૃતીયાનું આ વ્રત ધાર્મિક પર્વોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ વ્રતના આચરણથી શ્રધ્ધાળુઓને આયુષ્ય, વિદ્યા, યશ અને બળનો લાભ થાય છે. આ દિવસે કરેલું દાન-પુણ્ય અક્ષય રહે છે. આ દિવસે જવ, ચણા અને ઘઉંના ધાન્યનું વિશેષ મહત્ત્વ છે. અન્નદાનને મહાદાન કહ્યું છે. ભાગવતમાં શ્રીકૃષ્ણે ધાન્યોમાં 'યવ'નું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે, "ઔષધિયોમાં હું યવ છું."

જયોતિષ પ્રમાણે આ દિવસ એ લગ્ન માટે વગર જોયું મુહૂર્ત છે. આ દિવસે ગ્રામ્યજનો ધાન્યમાંથી પરવારી લગ્ન જેવાં મંગલકાર્યોમાં ઓતપ્રોત થઇ જાય છે, અને સર્વત્ર મંગલ વાદ્યોનું સંગીત સંભળાતું રહે છે.